**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૪/૧૧/૨૦૧૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૩૦૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી અને ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૭૦ લીટર દેશી દારૂ, ૦૨ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠલ ૦૧ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૪૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૧૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૩૧૧/૧૫**

**જી.આઇ.ડી.સી.વટવા :** માતાફેર ઉર્ફે કાલુભાઇ બેચુરામ યાદવ (ઉ.વ.૫૮)(રહે.ક્રિષ્ના દુગ્ધાલય, શ્વેતા ફ્લેટ, ફીઝીકલ ગ્રાઉન્ડની સામે, ખોખરા) એ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૧/૧૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી આરોપીઓ (૧) ભાવો બાલુભાઇ (૨) ધમો બાલુભાઇ (૩) સાગર કૃપાભાઇ ચુનારા (૪) ચોકી ગલાભાઇ (૫) સોનુ ઉર્ફે સતનામ નરેન્દ્રસિંહ બેદી (૬) રવિ રામ (૭) સુનિયો રાજુભાઇ મરાઠી (૮) કલાબહેન દિલીપસિંહ પવાર (૯) અદુબહેન અજીતભાઇ (૧૦) અજીતભાઇ મોહનભાઇ ચૌહાણ (૧૧) સીમાબહેન ગુરૂદયાલ સરદાર (૧૨)ગીતાબહેન નરેન્દ્રસિંહ બેદ (તમામ રહે.ગરીબ આવાસ યોજના, ત્રિકમપુરા, જશોદાનગર) ભેગામળી માતાફેરનાં ભાણેજ લાલબહાદુર હરીશચંદ્ર યાદવને લાકડીઓ, પાઇપો અને નાની તલવારથી શરીરે ગંભીર ઇજાઓ કરી, લાલબહાદુરનું મૃત્યુ નિપજાવ્યુ છે.આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ઝેડ.એ.શેખ ચલાવે છે.

**દુષ્પ્રેરણની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૩૧૨/૧૫**

**જી.આઇ.ડી.સી.વટવા :** વિલાસજી સુધીરજી કિંજલ (રહે.પુષ્પ વિહાર સોસાયટી, અન્નપુર્ણા હોટલની પાછળ, ત્રિકમપુરા રોડ, વટવા જી.આઇ.ડી.સી.) એ તા.૧૩/૧૧/૧૫ નારોજ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી (૧) પાર્થીવભાઇ શાહ (૨) વિજયભાઇ પટેલ (૩) મનોજભાઇ ધાંતુકી (જે તમામનાં પુરા નામ-સરનામાની ખબર નથી) ભેગામળી પોતાનાં ભાઇ ગૌતમજી સુધીરજી કિંજલ(બંગાળી)(ઉ.વ.૪૫)(રહે.હરીકૃપા એપાર્ટમેન્ટ, પુનીતનગર ક્રોસીંગ પાસે, જશોદાનગર) ને મુડી તથા વ્યાજનાં નાણાંની ઉઘરાણી કરી, ગૌતમજીને આપઘાત કરવા દુષ્પ્રેરણ કરતાં, તા.૧૬/૧૦/૧૫ ના કલાક ૭/30 વાગ્યા પહેલાં કોઇપણ સમયે ગૌતમજીએ પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૨૩૧૩/૧૫**

**સેટેલાઇટ :** રીનાબહેન શિવકુમાર પાશી (ઉ.વ.૧૫)(રહે.રાજીવનગર વિભાગ-૧, પટેલની ચાલી, શક્તિ વિધ્યાલય પાસે, સેટેલાઇટ) ને તા.૯/૧૧/૧૫ સાંજનાં ૫/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ રીનાબહેનની માતા રાધાબહેન પાશીએ તા.૧૩/૧૧/૧૫ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.યુ.મશી ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૩૧૪/૧૫**

**મણીનગરઃ (૧)** કૃષ્ણકાંત રમેશચંદ્ર રાવલ (રહે.નિકેત એપાર્ટમેન્ટ, વકિલવાડી, મણીનગર) એ તા.૧૩/૧૧/૧૫ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૧૧/૧૫ બપોરના ૪/૩૦ થી તા.૧૨/૧૧/૧૫ રાતનાં ૩/૦૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એ.ધાસુરા ચલાવે છે.

**(૨)** હરીશકુમાર ધનરાજભાઇ લખોટીયા(રહે.શુકન પુષ્પકુંજ સોસાયટી, ઇદગાહ પાછળ, મણિનગર) એ તા.૧૨/૧૧/૧૫ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૧/૧૫ ના કલાક ૯/૦૦ થી તા.૧૩/૧૧/૧૫ બપોરનાં ૩/૦૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮,૩૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.એસ.દેસાઇ ચલાવે છે.

**ઓઢવ :** કમલેશભાઇ દેવચંદદાસ પટેલ (રહે.તક્ષશીલા હેબીટેટ, પર્યાવરણ મંદિરની બાજુમાં, ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૧/૧૫ રાતનાં ૧૦/૩૦ થી તા.૧૩/૧૧/૧૫ નાં કલાક ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરી અને કબાટમાંથી સોના-ચાંદિનાં દાગીના અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એમ.પટેલ ચલાવે છે.

**વાડજ :** નિમેષભાઇ ચંપકલાલ શાહ (રહે.શ્રીમદ એપાર્ટમેન્ટ, શાંતીનગર પરબડીની સામે, ઉસ્માનપુરા, જુનાવાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૧/૧૫ બપોરનાં ૧/૩૦ થી બપોરનાં ૩/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરી અને કબાટમાંથી સોના-ચાંદિનાં તેમજ હિરા-મોતીનાં દાગીના અને રોકડ રૂપિયા ૧૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૦,૨૧,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જી.રાઠોડ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)